વિષય:-પ્લાન્ટેશન સિવાયના અગત્યના કામોના મોનીટરીંગ બાબત.

ચેપ્ટર નં.-૧૦

સ્થાયી હુકમ નં.- ૭

ગાંધીનગર તા. ૧૩/૦૯/૨૦૧૩.

રાજયમાં વિવિધ યોજનાઓ તથા મોડલો હેઠળ લેવાતા વાવેતરો સંબંધિત કામો જેવા કે આગોતરા કામો, નર્સરી ઉછેર, પ્લાન્ટેશનના વિવિધ તબક્કા વિગેરેની ગુણવત્તા અને જથ્થાની ચકાસણી માટે મોનીટરીંગ(ભૌતિક ચકાસણી) કરવા માટે વિગતવાર સુચનાઓ તથા સ્થાયી હુકમો બહાર પાડવામાં આવેલ છે. પરંતુ વન વિભાગની પ્રવૃત્તિઓનું ફલક ઉત્તરોત્તર વધી રહેલ છે અને પ્લાન્ટેશનો સંબંધિત કામગીરી ઉપરાંત વિવિધ પ્રકારના પાકા બાંધકામો, વન્ય પ્રાણી રહેઠાણ સુધારણા, ઇકો-ડેવલપમેન્ટ/ઇકો-ટુરીઝમના કામો, એન્ટ્રી પોઇન્ટ એકટીવીટીના કામો, વ્યકિતગત તથા સામુહિક લાભાર્થી યોજનાઓ, વન મહોત્સવ રોપ વિતરણ, મનરેગા, કૃષિ વિકાસ યોજના વિગેરે જેવા અનેક કામો વિભાગ દ્વારા હાથ ધરવામાં આવે છે. પરંતુ તેના મોનીટરીંગ સંબંધે કોઇ ચોક્કસ ધોરણો કે કાર્ય પધ્ધતિ વિકસાવવામાં આવેલ નથી.

પ્લાન્ટેશનો અને તેને આનુસાંગિક પ્રવૃત્તિઓની જેમ વન વિભાગની અન્ય ઉપરોકત કેટલીક મહત્વની કામગીરીઓ અને ક્ષેત્રોના મોનીટરીંગ માટે ધોરણો અને પધ્ધતિઓ નિર્ધારીત કરવાનું છેલ્લા કેટલાક સમયથી વિચારણામાં હતું. આ બાબતોને મોનીટરીંગ કાર્યસૂચિમાં આવરી લઇ તેના માટે પધ્ધતિ અને ધોરણો નક્કી કરવા સ્થાયી સૂચનાઓ બહાર પાડવા વર્તુળ કક્ષાના ક્ષેત્રિય તમામ અધિકારીઓ તેમજ વન વિભાગની વડી કચેરીના અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને તેનાથી પ્રવર અધિકારીઓને સૂચિત ધોરણો, પધ્ધતિ અને સૂચિત સ્થાયી હુકમના મુસદ્દા અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીના તા.૧૯/૦૭/૨૦૧૩ તથા તા.૨૯/૦૮/૨૦૧૩ના પત્રોથી મોકલવામાં આવેલ. ક્ષેત્રિય વર્તુળ કક્ષાના અધિકારીઓ તેમજ વડી કચેરીના અધિકારીઓ તરફથી મળેલ સૂચનો સંબંધે ચર્ચા વિચારણા કરી વાવેતર સિવાયના અગત્યના કામોના મોનીટરીંગના માપદંડ અને ધોરણો અને સ્થાયી હુકમોની વિગતોના આખરીકરણ માટે અરણ્ય ભવન,ગાંધીનગર ખાતે અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી તથા તેનાથી પ્રવર કક્ષાના અધિકારીઓની તા.૦૫/૦૯/૨૦૧૩ના રોજ અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સની અધ્યક્ષતામાં બેઠક યોજવામાં આવેલ.આ બાબતે ઉચ્ચ વન અધિકારીઓ તરફથી મળેલ સુચનો તથા બેઠકમાં થયેલ ચર્ચા અને લેવામાં આવેલ નિર્ણયો આવરી લઈને પુખ્ત વિચારણાના અંતે આ સાથેના પરિશિષ્ટ- ૧ માં દર્શાવેલ કામો માટે જે તે કામો સામે દર્શાવેલ પદ્ધતિ અને ધોરણો પ્રમાણે ભૌતિક ચકાસણી કરવા ઠરાવવામાં આવે છે. તેમજ પરિશિષ્ટ- ૧ માં દર્શાવેલ કામગીરીના મોનીટરીંગ માટે નીચે મુજબની સર્વગ્રાહી સ્થાયી સુચનાઓ આપવામાં આવે છે.

અ. <u>અમલીકરણ અધિકારીઓ દ્વારા -સંવર્ગવાર ભૌતિક ચકાસણીનાં ધોરણો</u>

ભૌતિક ચકાસણી માટે જુદા જુદા સ્તરના અધિકારીઓને જુદી જુદી જવાબદારી સોંપવામાં આવેલ છે. વિભાગ દ્વારા સદરહું બાબતે બહાર પાડેલ સુચનાઓ ધ્યાને લઇ સંવર્ગવાર ભૌતિક ચકાસણી માટે પરિશિષ્ટ- ૨ મુજબના ધોરણો નિયત કરવામા આવે છે.

ઉપરોકત પરિશિષ્ટ- ૨ અનુસાર ઠરાવેલ ધોરણો મુજબ કામગીરીની ભૌતિક ચકાસણી કરી જે તે કામગીરી માટે નિયત સમય મર્યાદામાં મોનીટરીંગ શાખા તથા સંબંધિત અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (કંટ્રોલીંગશાખા)ને અહેવાલ સાદર કરવાનાં રહેશે. રેંજ ફોરેસ્ટ ઓફિસર તથા મદદનીશ વન સંરક્ષક કક્ષાઓ દ્વારા હાથ ધરેલ ભૌતિક ચકાસણીનાં

સાધનિકો વર્તુળ કક્ષાએ જાળવવાનાં રહેશે જયારે અન્ય તમામ કક્ષાના અધિકારીઓ દ્વારા કરેલ ભૌતિક ચકાસણીનાં અસલ સાધનીકો અહેવાલની સાથે મોનીટરીંગ શાખાને સાદર કરવાનાં રહેશે.

(૧) રે.ફો.ઓ. કક્ષાએ ચુકવણા કરવાના હોઇને ગુજરાત ફોરેસ્ટ મેન્યુઅલની જોગવાઇઓ અનુસાર રે.ફો.ઓ. કક્ષાએથી તમામ કામોની ૧૦૦ % ભૌતિક ચકાસણી કરીને જ ચુકવણા કરવાના રહે છે.તથા પરિશિષ્ટ-૨ ની જોગવાઇ મુજબ રોપ વિતરણના ૨૦% ના ધોરણે ચકાસણી કરવાની રહેશે.

(૨) મદદનીશ વન સંરક્ષક કક્ષાએ ૨૦% ના ધોરણે કામોનું મોનીટરીંગ કરવાનું રહેશે. તથા પરિશિષ્ટ-૨ ની જોગવાઇ મુજબ રોપ વિતરણના ૧૦% ના ધોરણે ચકાસણી કરવાની રહેશે.

(૩) મુખ્ય વન સંરક્ષક/વન સંરક્ષક/નાયબ વન સંરક્ષક કક્ષાઓ દ્વારા મદદનીશ વન સંરક્ષક કક્ષા દ્વારા ઉપરોકત વિગતે મોનીટરીંગ કરેલ કામો પૈકીના તેમજ તે સિવાયના સ્થળોનું પરિશિષ્ટ- ૨ માં ઠરાવેલ ધોરણો મુજબ મોનીટરીંગ કરવાનું રહેશે.

(૪) ક્રમ- ૧ થી ૩ ની વિગતે મોનીટરીંગ કરેલ પૈકીના કેટલાક કામોનું સરપ્રાઇઝ રી-ચેકીંગ તેમજ કેટલાક વધારાના સ્થળોની ચકાસણી મોનીટરીંગ શાખા દ્વારા કરવામાં આવશે.

બ. <u>મોનીટરીંગ નીચેના સમય પત્રક અનુસાર કરવાનું રહેશે.</u>

(૧) <u>મદદનીશ વન સંરક્ષક કક્ષા માટે મોનીટરીંગ સમય પત્રક.</u>

૧. <u>૧ એપ્રીલ થી ૩૦ સપ્ટેમ્બરના સમયગાળાના કામો.</u>
ભૌતિક ચકાસણી – ૧૫ ઓક્ટોબર સુધીમાં – અહેવાલ – ૨૫ ઓક્ટોબર સુધીમાં.

૨. <u>૧ ઓકટોમ્બરથી ૩૧ માર્ચ સમયગાળાના કામો.</u>
ભૌતિક ચકાસણી – ૧૫ એપ્રિલ સુધીમાં – અહેવાલ – ૨૫ એપ્રિલ સુધીમાં.

કરેલ કામગીરીના અહેવાલ નિયત સમય મર્યાદામાં મોનીટરીંગ શાખા તથા સંબંધિત શાખા (સા.વ./ વિ. અને વ્ય./વન્ય પ્રાણી/પી.એમ.યુ.) ને તારીજ સાથે સાદર કરાવાની રહેશે. આ ચકાસણીનાં ગણત્રી પત્રકો તથા અન્ય સાધનિક કાગળો વિભાગ કક્ષાએ જાળવવાનાં રહેશે. જે જરૂર પડ્યે ઉપલી કક્ષાએ રજુ કરવાનાં રહેશે.

(૨) <u>મુખ્ય વન સંરક્ષક / વન સંરક્ષક / નાયબ વન સંરક્ષક કક્ષાઓ માટે મોનીટરીંગ સમય પત્રક.</u>

મદદનીશ વન સંરક્ષક કક્ષા દ્વારા ઉપરોકત વિગતે મોનીટરીંગ કરેલ પૈકીના તેમજ તે સિવાયના સ્થળોનું મોનીટરીંગ મુખ્ય વન સંરક્ષક/ વન સંરક્ષક/નાયબ વન સંરક્ષક કક્ષાઓ દ્વારા નીચેની વિગતે પૂર્ણ કરવાનાં રહેશે.

૧. <u>૧ એપ્રીલથી ૩૦ સપ્ટેમ્બર ના સમયગાળાના કામો.</u>
ભૌતિક ચકાસણી – ૧૫ નવેમ્બર સુધીમાં – અહેવાલ - ૨૫ નવેમ્બર સુધીમાં.

૨. <u>૧ ઓક્ટોબર થી ૩૧ માર્ચ દરમ્યાનના કામો.</u>
ભૌતિક ચકાસણી - ૧૫ મે સુધીમાં - અહેવાલ- ૩૧ મે સુધીમાં.

કામગીરી પૂર્ણ કરવા તેમજ અહેવાલ સાદર કરવાની ઉપરોકત મુદ્દત હરોળનો તમામ કક્ષાઓએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.આ સ્થાયી સુચના હેઠળ કરવાની થતી ભૌતિક ચકાસણીના અહેવાલ બાંધકામ સિવાયના કામો માટે પરિશિષ્ટ-૩ તથા બાંધકામો માટે પરિશિષ્ટ-૪માં કરવાના રહેશે. મુખ્ય વન સંરક્ષક/વન સંરક્ષક/નાયબ વન સંરક્ષક/મદદનીશ વન સંરક્ષક કક્ષાઓ દ્વારા મોનીટરીંગ કરવાના સ્થળ અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક, મોનીટરીંગ કક્ષાએથી રેન્ડમ સીલેકશનથી સ્થળ નક્કી કરી જણાવવામાં આવશે.

જે તે સંવર્ગ માટે નિયત કરેલ કામ શરૂ કરવાની તારીખ સુધીમાં ભૌતિક ચકાસણી કરવાના થતા સ્થળ અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક મોનીટરીંગ કક્ષાએથી જણાવવામાં ન આવે તો વર્તુળ કક્ષાએથી રેન્ડમ સીલેકશનથી સ્થળ નિયત કરી સમય મર્યાદામાં ભૌતિક ચકાસણી પૂર્ણ કરી/કરાવી મુદ્દત હરોળમાં અહેવાલ સાદર કરવાના રહેશે.

(૩) મોનીટરીંગ શાખા દ્વારા મોનીટરીંગ

મોનીટરીંગ શાખા દ્વારા કામોનું ૫ % નાધોરણે રેન્ડમ સીલેકશન પધ્ધતિથી મોનીટરીંગ કરવામાં આવશે.

ક. જે તે કક્ષા/સંવર્ગ માટે નિયત કરવામાં આવેલ ઉપરોકત ભૌતિક ચકાસણીનાં લધુત્તમ ધોરણો પોતાના વાર્ષિક લક્ષ્યાંક ગણી તે સામે કરેલ કામગીરીની વિગતો જે તે અધિકારીએ પોતાનાં વાર્ષિક ખાનગી અહેવાલમાં સ્વમૂલ્યાંકન સાથે નિયત નમુના ફોર્મમાં બીડવાના રહેશે.

S.K.Goyal
(એસ.કે.ગોયલ)
અગ્ર મુખ્ય વન સંરક્ષક
અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સ
ગુજરાત રાજય, ગાંધીનગર.

પ્રતિ,
મુખ્ય વન સંરક્ષકશ્રી (તમામ).................................................
વન સંરક્ષકશ્રી (તમામ)........................................................
નકલ રવાના- નાયબ વન સંરક્ષકશ્રી (તમામ) ..................................................................
નકલ રવાના- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (તમામ) ......................................................
નકલ સવિનય રવાના- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, વન્ય પ્રાણી, ગુ.રા. ગાંધીનગર.
નકલ સવિનય રવાના- અગ્ર સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

## સ્થાયી હુકમ નં – ૭ : પરિશિષ્ટ - ૧

## વન વિભાગના અગત્યના(પ્લાન્ટેશન આનુસાંગિક સિવાયના) કામો તથા તે માટે સુચિત મોનીટરીંગ એકમ તથા માપદંડની વિગતઃ-

| ક્રમ | કામગીરીની વિગત | ચકાસણી એકમ | ચકાસણી માપદંડ |
|---|---|---|---|
| ૧ | બાંધકામ કામગીરી જેવી કે મકાન બાંધકામ, ચેકડેમ (પાકા), રસ્તા તથા મકાન રીપેરીંગ/ જાળવણી વિગેરે તમામ પ્રકારના બાંધકામો. | બાંધકામ સંખ્યા/ક્રમ | તકેદારી શાખા, વન વિભાગ, ગુજરાત દ્વારા બાંધકામ કાર્ય પદ્ધતિ અંગેની માર્ગદર્શિકા |
| ૨ | વન્ય પ્રાણી રહેઠાણ સુધારણાના કામો (પ્લાન્ટેશન અને બાંધકામ સિવાય) | સ્થળ સંખ્યા | યોજના/મોડેલની/મંજુરી હુકમની વિગતો અનુસાર |
| ૩ | ઇકો-ડેવલપમેન્ટ પ્રવૃત્તિઓ (બાંધકામ સિવાય) | ગામ સંખ્યા | ઉપર મુજબ |
| ૪ | ઇકો - ટૂરીઝમ ડેવલપમેન્ટ પ્રવૃત્તિઓ (બાંધકામ સિવાય) | ગામ સંખ્યા | ઉપર મુજબ |
| ૫ | એન્ટ્રી/પોઇન્ટ એકટીવીટી (બાંધકામ સિવાય) | ગામ સંખ્યા | ઉપર મુજબ |
| ૬ | વ્યકિતગત/સામુહિક લાભાર્થી યોજનાઓ/કામો | ગામ સંખ્યા | ઉપર મુજબ |
| ૭ | વન મહોત્સવ રોપ વિતરણ | ગામ સંખ્યા | ઉપર મુજબ |
| ૮ | હાઇટેક નર્સરી તથા નર્સરી ઓટોમાઇઝેશન/મોર્ડનાઇઝેશન | નર્સરી કામ સંખ્યા | ઉપર મુજબ |
| ૯ | ઘાસ સુધારણાના કામો | કામગીરી સ્થળ/સંખ્યા | ઉપર મુજબ |
| ૧૦ | ઘાસ એકત્રિકરણના કામો તથા સ્ટોરેજના કામો | કામગીરી સ્થળ/સંખ્યા | ઉપર મુજબ |

## સ્થાયી હુકમ નં – ૭ : પરિશિષ્ટ-૨

### વન વિભાગના અગત્યના(પ્લાન્ટેશન આનુસાંગિક સિવાયના) કામો માટે સુચિત ભૌતિક ચકાસણીના ધોરણો:-

| ક્રમ | કામગીરીની વિગત | સંવર્ગવાર ચકાસણીના ધોરણો | | | | |
|---|---|---|---|---|---|---|
| | | રે.ફો.ઓ | મ.વ.સં. | ના.વ.સં. | મુ.વ.સં./વ.સં. | મોનીટરીંગ શાખા |
| ૧ | બાંધકામ કામગીરી જેવી કે મકાન બાંધકામ, ચેકડેમ (પાકા), રસ્તા તથા મકાન રીપેરીંગ/ જાળવણી વિગેરે તમામ પ્રકારના બાંધકામો. | ૧00% | ૨0% | તમામ કામગીરીના લઘુત્તમ ૫% તથા રેંજદીઠ દરેક પ્રકારના એક એક કામોની ભૌતિક ચકાસણી કરવાની રહેશે. | તેમના વિભાગના દરેક વિભાગદીઠ દરેક પ્રકારના એક એક કામોની ભૌતિક ચકાસણી કરવાની રહેશે. | રેન્ડમ સીલેકશન ધોરણે દરેક કામગીરીના ૫% પ્રમાણે ચકાસણી કરવાની રહેશે. |
| ૨ | વન્ય પ્રાણી રહેઠાણ સુધારણાના કામો (પ્લાન્ટેશન અને બાંધકામ સિવાય) | ૧00% | ૨0% | ઉપર મુજબ. | ઉપર મુજબ. | ઉપર મુજબ. |
| ૩ | ઇકો-ડેવલપમેન્ટ પ્રવૃત્તિઓ (બાંધકામ સિવાય) | ૧00% | ૨0% | ઉપર મુજબ. | ઉપર મુજબ. | ઉપર મુજબ. |
| ૪ | ઇકો - ટૂરીઝમ ડેવલપમેન્ટ પ્રવૃત્તિઓ (બાંધકામ સિવાય) | ૧00% | ૨0% | ઉપર મુજબ. | ઉપર મુજબ. | ઉપર મુજબ. |
| ૫ | એન્ટ્રી/પોઇન્ટ એકટીવીટી (બાંધકામ સિવાય) | ૧00% | ૨0% | ઉપર મુજબ. | ઉપર મુજબ. | ઉપર મુજબ. |
| ૬ | વ્યકિતગત/સામુહિક લાભાર્થી યોજનાઓ/કામો | ૧00% | ૨0% | ઉપર મુજબ. | ઉપર મુજબ. | ઉપર મુજબ. |
| ૭ | વન મહોત્સવ રોપ વિતરણ(ફક્ત ૨00 કે તેથી રોપ સંખ્યા વિતરણવાળા કેસ ચકાસવા | ૨0% | ૧0% | રેન્જ દીઠ એક ગામ | વિભાગ દીઠ એક ગામ | રેન્ડમ સિલેક્સન થી લઘુત્તમ ૧% |
| ૮ | હાઇટેક નર્સરી તથા નર્સરી ઓટોમાઇઝેશન/મોર્ડનાઇઝેશન | ૧00% | ૨0% | તમામ કામગીરીના લઘુત્તમ ૫% તથા રેંજદીઠ દરેક પ્રકારના એક એક કામોની ભૌતિક ચકાસણી કરવાની રહેશે. | તેમના વિભાગના દરેક વિભાગદીઠ દરેક પ્રકારના એક એક કામોની ભૌતિક ચકાસણી કરવાની રહેશે. | રેન્ડમ સીલેકશન ધોરણે દરેક કામગીરીના ૫% પ્રમાણે ચકાસણી કરવાની રહેશે. |
| ૯ | ઘાસ સુધારણાના કામો | ૧00% | ૨0% | ઉપર મુજબ. | ઉપર મુજબ. | ઉપર મુજબ. |
| ૧૦ | ઘાસ એકત્રિકરણના કામો તથા સ્ટોરેજના કામો | ૧00% | ૨0% | ઉપર મુજબ. | ઉપર મુજબ. | ઉપર મુજબ. |

# સ્થાયી હુકમ નં – ૭ : પરિશિષ્ટ-૩

## વિવિધ કામોનું મોનીટરીંગનું પત્રક

(કામો જેવા કે વન્ય પ્રાણી રહેઠાણ સુધારણા, ઇકો ડેવલપમેન્ટ, ઇકો ટુરીઝમ, એન્ટ્રી પોઇન્ટ એકટીવીટી, વ્યકિતગત/સામુહિક લાભાર્થી યોજનાઓ, હાઇટેક નર્સરી, ઓટોમાઇઝેશન, ઘાસ સુધારણા,ઘાસ એકત્રીકરણ મનરેગા કામો, વનમ-રોપ વિતરણ વગેરે સંલગ્ન કામો)

(નર્સરી/આગોતરા કામો/પ્લાન્ટેશન તથા બાંધકામ સિવાયના કામો માટે)

વર્તુળ --------------------- વિભાગ --------------------- રેંજ -------------------- સ્થળ ----------------------

(૧) યોજનાનું નામ ------------------------------------ (૨) નાણાંકીય વર્ષ:----------------------------------------

(૩) કામગીરીનું નામ ---------------------------------- (૪) કામગીરી / સમયગાળો તા.------------ થી તા.---------

(૫) એસ્ટીમેટ રકમ/એકમ તથા એકમ દર-----------------------------------------------------------------------

(૬) મંજુરી હુકમ નં ------------------------------------ તારીખ ---------------------------------------------

(૭) કામની માપપોથી જાળવેલ છે.---------------------- (૮) કામગીરી પુર્ણ કર્યાનો અહેવાલ તા --------------------

મોનીટરીંગની વિગત ................................ મોનીટરીંગની તારીખ .........................

| અ.નં. | એકમ/મોડેલ/પ્લાન એસ્ટીમેટ મુજબ આઇટમવાર કામગીરીની વિગત | મંજુર કરેલ માપ/જથ્થો | માપપોથી મુજબ માપ/જથ્થો | મોનીટરીંગ મુજબ | | કામગીરીની ગુણવત્તા અંગે રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| | | | | જણાયેલ માપ | મળેલ જથ્થો | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | | | | | | |
| ૨ | | | | | | |
| ૩ | | | | | | |
| ૪ | | | | | | |
| ૫ | | | | | | |
| ૬ | | | | | | |
| ૭ | | | | | | |
| ૮ | | | | | | |
| ૯ | | | | | | |
| ૧૦ | | | | | | |
| ૧૧ | | | | | | |
| ૧૨ | | | | | | |
| ૧૩ | | | | | | |
| ૧૪ | | | | | | |
| ૧૫ | | | | | | |
| ૧૬ | | | | | | |

મોનીટરીંગ કરનારની સહી -----------------------

નામ -----------------------

હોદ્દો -----------------------

# સ્થાયી હુકમ નં – ૭ : પરિશિષ્ટ-૪

## બાંધકામોનું મોનીટરીંગનું પત્રક

(ચેક ડેમ, વાયરલેસ સ્ટેશન, વોચ ટાવર, રસ્તાઓ, ગઝલર, દિવાલ, રહેઠાણના ક્વાર્ટર, ચેકીંગ નાકા, વન ચેતના કેન્દ્ર, ઓરીએન્ટેશન કેન્દ્ર, પક્ષી નિરીક્ષણ કેન્દ્ર, સંશોધન કેન્દ્ર, મકાન રીપેર, વન તલાવડી, પાણીની ટાંકીઓ, પ્રકૃત્તિ શિક્ષણ કેન્દ્ર, તળાવ વિગેરે જેવા બાંધકામ)

વર્તુળ .................................... વિભાગ ............................. રેંજ ........................... સ્થળ ...........................................

૧. યોજનાનું નામ ............................................................... ૨. નાણાંકીય વર્ષ ...........................................................

૩. કામગીરીનું નામ ........................................................... ૪. કામગીરીનો સમયગાળો તા. .............. થી તા ...............

૫. એસ્ટીમેન્ટની રકમ ..........................................................................................

૬. બાંધકામના પ્લાન એસ્ટીમેન્ટની તાંત્રિક મંજુરી, નંબર, તારીખ ..............................

૭. પ્લાન એસ્ટીમેન્ટ વહીવટી મંજુરી નંબર, તારીખ .................................................

૮. કામની માપપોથી જાળવેલ છે ? હા / ના, નોંધણી પાના નં. .................. થી ................

૯. કંપ્લીશન સર્ટીફિકેટ સાદર કર્યા ક્રમાંક ....................... તારીખ .......................................................

૧૦. મોનીટરીંગની તારીજ ............................................ મોનીટરીંગની તારીખ ..................................

| પ્લાન એસ્ટીમેટ આઇટમ નંબર | કામની વિગત | એસ્ટીમેટ મુજબ માપ / જથ્થો | માપપોથીમાં નોંધેલ માપ / જથ્થો | મોનીટરીંગ મુજબ મળેલ જથ્થો |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

મોનીટરીંગ કરનારની સહી : ..........................................

નામ : ..........................................

હોદ્દો : ..........................................

મુખ્ય મથક : ..........................................